**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૮ ટકા

# શહેરમાં ૫ કરોડનું સોનું વેચાયું

## સોની બજારમાં ખોવાયેલી ચમક પાછી ફરી : ચોપડા ખરીદવાના મુર્હતમાં વેપારીઓ ઉમટયા : હિસાબી ચોપડાઓની માંગ યથાવત

ગાંધીનગર, તા.૨૮

ગુરુપુષ્ય નક્ષત્રના શુભ અવસરે શહેરમાંથી રૂપિયા ૫ કરોડથી વધારે સોનાનું વેચાણ થયું છે. ગયા બે વર્ષ કરતા ડબલ ઘરાકી જોવા મળી હતી. શહેરની જ્વેલર્સની દુકાનોમાં સૌથી વધારે ભીડ જોવા મળી હતી. જ્વેલર્સના ચહેરાઓ પર અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સતત બે વર્ષ બાદ સોનાની ખરીદીમાં તેજી આવતા તેમની આ વર્ષે દિવાળી સુધરી ગઈ છે. દિવાળી પર્વ અગાઉ સોનાની માંગમાં વધારો થવાથી વેપારીઓ ખુશ જોવા મળી રહ્યા છે. ઝવેરી બજારોમાં સવારથી જ ઘરાકી ઉભરાઈ હતી. સોનાનો ભાવ ૪૯,૮૦૦ રૂપિયા રહ્યો હોવા છતાં ખરીદીમાં તેજી જોવા મળી હતી.

**ગુરુપુષ્ય નક્ષત્રના દિવસે અમારી દુકાનમાંથી ગઈ સાલ કરતા વધારે સોનાનું વિતરણ થયું છે. સવારના ૧૧ થી ૩ વાગ્યા સુધી ગ્રાહકોની વધારે ભીડ રહી હતી ત્યારબાદ સાંજના સમયે ઓછી માત્રામાં ગ્રાહકો આવી રહ્યા હતા પરંતુ સમગ્ર દિવસ દરમિયાન સોનાની ખરીદી ચાલુ જ હતી. સામાન્ય દિવસો કરતા આ દિવસે સૌથી વધારે માત્રામાં સોનું વેચાયું છે.**
**- મેહુલ મહેતા**
**જ્વેલર્સ પ્રમુખ,**
**શ્રધ્ધા જ્વેલર્સ, સે-૨૧**





ગત વર્ષ કરતાં ૫૦ ટકા વધારે સોનાની ખરીદી થઈ છે. કોરોનાના કપરા કાળબાદ પ્રથમવાર ઝવેરીબજારમાં ખોવાયેલી ચમક પાછી જોવા મળી છે. દિવાળી પર્વે ગુરૂપુષ્ય નક્ષત્રનો શુભ યોગ હોવાથી તમામ ઝવેરી બજારોમાં સવારથી જ ઘરાકી જોવા મળી હતી.

કોરોના બાદ નવો ટ્રેન્ડ જોવા મળ્યો છે. શહેરીજનો ઈન્વેસ્ટમેન્ટ અને તહેવારોમાં સોનાની ખરીદી માટે લગડી વધારે પસંદ કરી રહ્યા છે. આ વર્ષે ઓછા વજનની લગડી સિક્કાનું વેચાણ વધારે થયું છે. ઘણી બધી દુકાનોમાં એડવાન્સ બુકીંગ પણ કરાયું હતું. દિવાળી બાદ લગ્નની સિઝનને ધ્યાનમાં રાખીને પણ કેટલાક ગ્રાહકો અગાઉથી જ ખરીદી કરી લેવાનું પસંદ કરતા હોય છે જેથી આ શુભ દિવસે સોનાની ખરીદી કરી લીધી હોય તેવું લાગી રહ્યું છે.

ગુરુપુષ્ય નક્ષત્રથી દિવાળી પર્વ માટેના ઘરેણાં, ચાંદીના વાસણ, મૂર્તિઓ વગેરેની શુકનવંતી ખરીદી કરવામાં આવી હતી. આ યોગમાં કરેલું રોકાણ લાંબા સમય સુધી લાભ આપી શકે છે તે હેતુસર શહેરીજનોએ સોના ચાંદીની ખરીદી કરીને ગુરુપુષ્ય નક્ષત્ર યોગનું મહત્વ ખરા અર્થે સાબિત કર્યું છે.

ગાંધીનગરમાં સોના ચાંદી ઘરેણાંની દુકાનો ઘણી બધી છે. તમામ દુકાનોમાં આજે ગ્રાહકોની ભીડ જોવા મળી હતી. જેમાં સૌથી વધારે ઘરાકી સવારે ૧૧થી ૩ કલાકે જોવા મળી હતી. ગુરુપુષ્ય નક્ષત્ર સમગ્ર સોની પરિવારો તથા સમગ્ર જ્વેલર્સ પરિવારો માટે આનંદ આપનારો બની ગયો હતો. મોંઘવારીના કપરાકાળમાં સોનાની ખરીદી કરવી મુશ્કેલીની બાબત છે પરંતુ મોંઘવારીને બાજુમાં મુકીને શહેરીજનોએ ગુરુપુષ્ય નક્ષત્ર યોગનો ભરપૂર લાભ લીધો હતો.

શહેરમાં ગુરુ પુષ્ય નક્ષત્રના શુભ દિવસે વેપારીઓએ હિસાબી ચોપડાની ખરીદી કરતાં બજારમાં મોટા પ્રમાણમાં ભીડ જામી હતી. વેપારીઓને કામમાંઆવતા રોજેમળ, ઉઘરાણી બુક, ખાતાવહી જેવા હિસાબી ચોપડા દોરીથી બાંધીને બનાવવામાં આવતા હોય છે. કારીગરો દિવાળી પહેલાં છ મહિનાથી જ ચોપડા બાંધવાની કામગીરી શરૂ કરી દેતા હોય છે. જેમાં કારીગરોના કહેવા મુજબ ચોપડના કાગળને સળ પાડવાની હોય, પૂઠા બનાવવાના હોવાથી એક ચોપડો બાંધતાં એક કલાક લાગે છે. હાઈટેક યુગમાં પણ પરંપરાગત હિસાબના ચોપડાની માંગ યથાવત રહી હતી. દિવાળીમાં પરંપરાગત રોશની માટીના દીવડા અને આસોપાલવનાં તોરણ સહિત લક્ષ્મીપૂજનની પરંપરા જળવાઈ રહી છે. તેવી જ રીતે અત્યારે મોટા ભાગના હિસાબો કમ્પ્યુટર, લેપટોપમાં લખાતા હોવા છતાં હિસાબી ચોપડાઓની માંગ યથાવત છે. દિવાળીના દિવસે શુભ મુહુર્તમાં વેપારીઓ શાસ્ત્રોકત વિધિ સાથે હિસાબી ચોપડાઓનું પણ પૂજન કરે છે. તેથી આ શુભ દિવસે ચોપડાની પણ કરીદી કરવામાં આવી હતી.

**ગુરુપુષ્ય નક્ષાત્ર નિમિત્તે ગયા વર્ષ કરતા વધારે સોનાનું વેચાણ થયું છે. દિવાળી પર્વ પહેલા જ સોનાની માંગમાં તેજી જોવા મળી છે. ગ્રાહકોએ સોનાની લગડીની ખરીદી મોટા પાયે કરી છે.**
**- રાજુભાઈ સોની**
**હરિહર જ્વેલર્સ,**
**સે-૨૪**

**જન્મદિને વધામણી**



**અશ્વિન એ પટેલ**
**મો. ૭૬૦૦૩ ૭૯૪૪૩**



**સનાયા**
**સંદિપકુમાર રાઠોડ**



**મોનાબેન આર કડવાતર**



**ધર્મ મેહુલ વ્યાસ**
**મો. ૯૯૯૮૪૫૨૯૯૯**

## અશ્વિનભાઈ એ. પટેલ કોલેજની વિદ્યાર્થીનીનો પ્રિ-આર.ડી. પરેડમાં ઉત્કૃષ્ટ દેખાવ




ગાંધીનગર, તા. ૨૮

અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટની સ્વયંસેવક અમીષા આર. સોનીએ મહાષ્ટ્રના જલગાંવ ખાતે પ્રિ-આર.ડી. પરેડમાં ભાગ લીધો હતો. જેમાં અમીષા આર. સોનીએ પરેડ, એકેડેમીક સેશન, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્વચ્છતા અભિયાન જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લઈ પરેડ અને કલાસિકલ ડાન્સમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. આ પ્રિ.આર.ડી. પરેડમાં ગુજરાતમાંથી ૨૭ છોકરાઓ અને ૨૬ છોકરીઓએ ભાગ લીધો હતો. આ પરેડમાં ભાગ લેવા માટે ફિજીકલ એજ્યુકેશનના ડિરેક્ટર ડૉ. રણછોડ રથવીએ પ્રોત્સાહિત કરી હતી. તથા ઉત્કૃષ્ટ દેખાવ માટે કડી સર્વ વિદ્યાલયના પ્રેસિડેંટ વલ્લભભાઈ પટેલ, અશ્વિનભાઈ એ. પટેલ કોલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝા અને ડૉ. રણછોડ રથવીએ અભિનંદન અને શુભેચ્છા પાઠવી હતી.

## સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતો કાનૂની શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૮

સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં કોર્ટના પેરા લિગલ વોલન્ટીયર સુધીર દેસાઈએ એન્ટી રેગીંગ લૉ વિશે સવિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કોલેજની લગભગ ૨૧૦ વિદ્યાર્થીનીઓએ લાભ લીધો હતો.

## જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા અંબાજી ખાતે મહાયજ્ઞ સંપન્ન



જય અંબે પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા અંબાજી મુકામે મહાયજ્ઞ યોજાયો હતો. આ ટ્રસ્ટ દ્વારા કોરોના વૈશ્વિક મહામારી દરમ્યાન દિવંગત સ્વજનોના આત્માઓને શાશ્વત શાંતિ મોક્ષાર્થે તથા સમગ્ર જીવસૃષ્ટિને એના પ્રકોપથી સુરક્ષા કલ્યાણાર્થે મહાયજ્ઞ કરાયો હતો. જે પરામ્બા શક્તિના ચરણ કમળમાં કૃતજ્ઞતા ઋણાનુભાવ વ્યક્ત કરવા આરાસુરી મા ભગવતી જગદંબા સન્મુખ શુદ્ધ હૃદયભાવથી પૂજન-અર્ચન, આરાધના અને વૈદિક મંત્રોચ્ચાર આહૂતિસભર મહાયજ્ઞ આસો વદ પાંચમને મંગળવારે ૨૬મીના શુભદિને સંપન્ન થયો હતો.

આ મહાયજ્ઞના ૧૪ યજ્ઞકૂંડ ખાતે ભાગ્યવંત ૨૮ યજમાનોએ સજોડે ૧૪૦ ચંડીપાઠ, તથા તેના એક દશાંત આહુતિ હોમ અર્પણ કરી શ્રદ્ધાપૂર્વક બૃહદ સુખાકારી અને વિશ્વકલ્યાણની શુદ્ધ ભાવનાઓને ઉજાગર કરી હતી. જેમાં આરાસુર અંબાજી મંદિરના પૂજ્ય શાસ્ત્રી અલ્કેશભાઈએ માતાજી સન્મુખ દિપ પ્રાગટ્ય કરી મહાયજ્ઞનો પ્રારંભ કરાવી આર્શિવચન પાઠવ્યા હતા. આ ઉમદા ધાર્મિક પ્રસંગે ગુજરાત રાજ્ય ભાદરવી પુનમિયા મહાસંઘના ભૂતપૂર્વ પ્રમુખ અને વર્તમાન ટ્રસ્ટ ભોગીલાલ પટેલે મુખ્ય મહેમાન પદ શોભાવી પ્રસંગની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. આરાસુરી મંદિરના વહીવટદાર એસ. જે. ચાવડા, મંદિર ટ્રસ્ટના નાયબ કાર્યપાલક ઈજનેર ગીરીશભાઈ પટેલ, મૃગેશભાઈ શાસ્ત્રી, સંજયભાઈ શાસ્ત્રી, નગર અગ્રણી કુસુમબેન અમીન, અંબિકા યુવક મંડળ ગોઝારિયાના અગ્રણી મિત્રો તથા વિશાળ જન સમુદાયે ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી મહાયજ્ઞના વૈશ્વિક કલ્યાણના મૂળભૂત હેતુ પરત્વે પોતપોતાની સંવેદનાઓ વ્યક્ત કરી માતાજીને પ્રાર્થના કરી હતી.

## બાલવિકાસ કેન્દ્રની દિકરી નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે



ગાંધીનગર, તા. ૨૮

બાલવિકાસ કેન્દ્રમાં જ્ઞાન મેળવતી દિકરી હેસાની પટેલે નિબંધ સ્પર્ધામાં ગુજરાત રાજ્યમાં પ્રથમ નંબર મેળવીને ગાંધીનગરનું ગૌરવ વધાર્યુ છે. હવે રાષ્ટ્રીય કક્ષાની નિબંધ સ્પર્ધામાં ૭ નવેમ્બરના રોજ ભાગ લેવાની છે. હેસાની સફળતામાં બાલવિકાસ ગુરૂઓ તેમજ પરિવારજનોનો મુખ્ય ફાળો રહ્યો છે.

## સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરમાં દિવાળી પર્વની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૮

સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, ચિલોડામાં દિવાળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટ્રસ્ટીઓએ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**ચિરવિદાય**

**● મુકિતધામ ●**

- **સ્વ. ગાંધી પંકજ ચંદ્રકાન્ત**, ઉ.વ. ૬૪, સે-૪
- **સ્વ. ઠાકોર વિક્રમભાઈ હેમતુજી**, ઉ.વ. ૩૮, બોરીજ
- **સ્વ. ગજ્જર રમિલાબેન ઘનશ્યામભાઈ**, ઉ.વ. ૬૩, સેકટર-૧૬

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ. ત્રિવેદી કુમુદબેન નરેશકુમાર**, ઉ.વ. ૭૧, અમદાવાદ
- **સ્વ. પટેલ ઈચ્છાબેન ગાંડાભાઈ**, ઉ.વ. ૭૨, રાયસણ
- **સ્વ. પ્રજાપતિ દુર્ગાબેન મણીલાલ**, ઉ.વ. ૭૦, તારાપુર

# શહેરના બજારોમાં ફટાકડાઓની માંગમાં તેજી

## આ વર્ષે મોંઘવારીનો માર ફટાકડાઓમાં ૧૫થી ૨૦ ટકા ભાવ વધારો

ગાંધીનગર, તા.૨૮

પ્રકાશ પર્વ દિવાળીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી છે ત્યારે દિવાળીના ઉત્સાહમાં વધારો કરતી આતશબાજી આગવું સ્થાન ધરાવે છે. ગાંધીનગરમાં ફટાકડાના બજારો શરૂ થઈ ગયા છે. આ વખતે ફટાકડા બજારમાં જમીન ઉપરના અને આકાશમાં ફૂટતા ફટાકડાની અનેકવિધ નવી વેરાઈટીઓ આવી છે. જે ફટાકડાના શોખીનોમાં આકર્ષણ જમાવશે.

દિવાળી નજીક આવતા બજારોમાં રોનક છવાઈ ગઈ છે. જયાં જુઓ ત્યાં ખરીદીનો માહોલ દેખાઈ રહ્યો છે. ફટાકડાની કિંમતોમાં ૧૫થી ૨૦ ટકા સુધીનો વધારો થયો છે. પેટ્રોલ, ડીઝલની કિંમતોમાં વધારો, કાગળ અને દારૂખાનાની કિંમતોમાં વધારો થવાથી ફટાકડાની કિંમતોમાં પણ ૧૫થી ૨૦ ટકાનો વધારો થયો છે. વધતી મોંઘવારીના કારણે ફટાકડાની કિંમતમાં પણ વધારો થયો છે.

આ વર્ષે આકાશમાં ડ્રોન, બટરફલાય, વર્લ્ડવોર, વાયલોટ મેજીક, નીલા એન્જીલ ઉડશે જયારે જમીનમાં ભોં ચકરડી, અનાર, સુતળી અને લક્ષ્મી બોંબ, ફૂવારા, ટેટા, ફૂલઝરી વિગેરે ફુટશે. બાળકોથી લઈને મોટાઓ પણ ફટાકડા ફોડી શકે તે પ્રકારની વેરાયટી માર્કેટમાં ઉપલબ્ધ છે. છેલ્લા બો વર્ષથી ફટાકડા બજારમાં સદંતર મંદી રહી હતી પરંતુ આ વર્ષે કોરોના ન હોવાથી દિવાળીનો તહેવાર ઉજવવા માટે શહેરીજનોમાં ભારે ઉત્સુકતા છે અને આ પર્વ જ એવું છે કે જે આતશબાજી વિના અધુરું છે.

મોટાભાગના ફટાકડા સ્ટોલ્સમાં સ્વદેશી ફટાકડાનું જ વેચાણ થઈ રહ્યું છે. ચાઈનીઝ ચીજવસ્તુઓ પર પ્રતિબંધ લાગ્યા બાદ વેપારીઓ દ્વારા પણ સરકારના નિયમોનું ચુસ્તપણે પાલન થઈ રહ્યું છે. દિવાળી બાદ લગ્ન સિઝન હોવાથી ફટાકડાનો વ્યાપાર તેજીમાં રહેશે તેવી વેપારીઓને આશા દેખાઈ રહી છે.

દિવાળીની રાત્રે ફટાકડા અને આતશબાજીનું વૈજ્ઞાનિક કારણ એવું માનવામાં આવે છે કે દશેરાથી શિયાળો બેસે અને



ઠંડી શરૂ થાય ત્યારે હવામાં રહેલો ભેજ જે તે જગ્યાએ જળકણ બનીને ઠરી જાય છે. ચોમાસામાં આ ભેજ હવામાં ચોમેર ફેલાયેલો હોય છે અને આ ભેજના જ વાયરસ તથા સૂક્ષ્મ બેકટેરિયા હવામાં ચારે તરફ હોય છે. ભેજ જયાં જયાં ઠરે ત્યાં ત્યાં વાયરસ બેકટેરિયા પણ સ્થાન મેળવે છે. દરેક વસ્તુ ઉપર વાયરસ બેકટેરિયા ઠરે છે. દિવાળીની રાત્રે હવામાં ચોમેર ફટાકડા તથા આતશબાજીનો ધુમાડો ફરી વળે અને તેની અસરથી આ તમામ બેકટેરિયા વાયરસનો નાશ થાય છે આ વૈજ્ઞાનિક કારણ છે.

ફટાકડા આતશબાજીનું મનોવૈજ્ઞાનિક કારણ એ છે કે આ પ્રસંગ અસત્ય પર સત્યનો વિજય, અજ્ઞાન પર જ્ઞાનનો વિજય થયો હોવાની વાત સદીઓથી આપણા સમાજમાં વણાયેલી છે. સ્વાભાવિક રીતે જ આ વિજય યુધ્ધમાં અસત્ય, અધર્મ, અજ્ઞાન સાથે ખરાખરીની ટકકર પછી જ પ્રાપ્ત થયો હોય યુધ્ધના એ વાતાવરણને જીવંત કરવા અને યુધ્ધમાં વિજયની ઉજવણી કરવા માટે ધૂમધડાકા કરવામાં આવે છે આ પરંપરા સદીઓથી ચાલી આવે છે. આ ભાવના દિવાળીના ફટાકડા અને આતશબાજીમાં જણાય છે.

દિવાળીની ઉજવણી દરમિયાન ફટાકડા ખાસ મહત્વ ધરાવે છે. એક રૂપકથા મુજબ ફટાકડા દિવાળીના સપરમા તહેવારે દેવોએ આપણને સુખ, સંપત્તિ, ધન, ધાન્યથી સમૃધ્ધ કર્યા. આપણને સ્વાસ્થ્ય, સંપત્તિ, શાંતિના આશીર્વાદ આપ્યા છે. દેવોના આશીર્વાદ બદલ દેવોનો આભાર વ્યકત કરવા માટે આકાશમાં કૃત્રિમ પ્રકારના રંગો વડે રંગોળી કરવામાં આવે છે. આજ કારણથી દિવાળીની ઉજવણીમાં ફટાકડા એક અભિન્ન અંગ બની રહ્યા છે.